રાજકોટમાં મેઘતાંડવ : આઠ ઈંચથી વધુ વરસાદ

વડોદરા બાદ રાજકોટમાં લોકોની હાલત કફોડી : હજારો લોકોને સુરક્ષિતરીતે ખસેડાયા : નિચાણવાળા વિસ્તારો એલર્ટ : રાજકોટ-ગોંડલ હાઈવે પર જામ

અમદાવાદ, તા.૨

સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં તથા ગુજરાતના અન્ય વિસ્તારોમાં આજે પણ અતિભારે વરસાદ જારી રહ્યો હતો. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં આજે મેઘરાજાએ અનેક પથકોને ધમરોળ્યા હતા. વડોદરા બાદ રાજકોટમાં આજે અતિભારે વરસાદ કલાકોના ગાળામાં જ તુટી પડ્યો હતો. જેના કારણે સમગ્ર રાજકોટ પણ બેટમાં ફેરવાઈ ગયું હતું. રાજકોટમાં પાંચ કલાકના ગાળામાં જ આઠ ઈંચથી વધુ વરસાદ થતા ચારે બાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. જનજીવન સંપૂર્ણ ખોરવાઈ ગયું હતું. ચારે બાજુ પાણી ભરાયા હતા. વડોદરા બાદ રાજકોટ પણ પાણી પાણી થતા હાલત કફોડી બની હતી. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. રાજકોટ કોર્પોરેશન દ્વારા તરત જ કામગીરી હાથ ધરાઈ હતી. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને એલર્ટ કરવામાં આવ્યા હતા. ૧ હજારથી વધુ લોકોને સુરક્ષિત ખસેડી લેવાયા હતા. ભારે વરસાદ વચ્ચે રાજકોટ-ગોંડલ હાઈવે પર ચકાજામની સ્થિતિ સર્જાઈ હતી. રાજકોટના મોટાભાગના વિસ્તારોમાં જોરદાર પાણી ભરાઈ જતા જુદા જુદા બચાવ ટુંકડી તેનાત કરવામાં આવી હતી. બીજી બાજુ અન્યત્ર પણ વરસાદી માહોલ રહ્યો હતો. જેમાં પંચમહાલ, આણંદ, ખેડા, ડાંગ, વલસાડ, જુનાગઢ, ગીરસોમનાથનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્ર પંથકમાં આજે ફરી એકવાર મેઘરાજા મહેરબાન થયા હતા. ખાસ કરીને રાજકોટ, અમરેલી, ગોંડલ, ગીરગઢડા, ઉના સહિતના અનેકે પંથકોમાં જોરદાર વરસાદ વરસ્યો હતો. સૌથી વધુ અસર રાજકોટ, અમરેલી અને ગોંડલ સહિતના પંથકોમાં જોવા મળી હતી. રાજકોટમાં તો કલાકોના ગાળામાં જ આઠ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. ભારે અને ધોધમાર વરસાદના કારણે સમગ્ર રાજકોટમાં ઠેર-ઠેર જળબંબાકારના દ્રશ્યો જોવા મળતા હતા. ખાસ કરીને રાજકોટની આજી નદીમાં તો, વરસાદી અને નવા નીરના કારણે ઘોડાપૂર આવ્યા હતા. આજી નદીએ ફરી એકવાર આ સીઝનમાં રામનાથ મહાદેવનો અદ્‌ભુત જળાભિષેક કર્યો હતો, જે દ્રશ્યો જોવા શ્રધ્ધાળુઓ પણ ભારે ધાર્મિક આસ્થા સાથે ત્યાં ઉમટયા હતા. રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં નવ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. અમરેલી, ગોંડલ સહિતના પંથકોમાં પણ ચારથી સાડા ચાર ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજકોટમાં એક દિવસનાં વિરામ બાદ આજે ફરી શહેરમાં ધોધમાર વરસાદ તૂટી પડયો હતો. રાજકોટમાં આજે ભારે વરસાદ ખાબકતાં સર્વત્ર પાણી જ પાણીના દ્રશ્યો સર્જાયા હતા. રાજકોટના પોપટપરા, સોરઠિયા સર્કલ, લક્ષ્મીનગર નાળા, યાજ્ઞિક રોડ, જવાહર રોડ, જામનગર રોડ, કાલાવડ રોડ, ત્રિકોણ બાગ, માધાપર ચોકડી, સહિતના વિસ્તારો તો જાણે બેથી ચાર ઉંડા પાણીમાં ગરકાવ બન્યા હતા. રાજકોટમાં ભારે વરસાદ બાદ એક નાળામાં સ્કૂલ વાન બંધ પડી ગઈ હતી. જેને લઈને વિદ્યાર્થીઓએ ગાડીને ધક્કો માર્યો હતો અને સ્થાનિક લોકોની મદદથી વાન બહાર કાઢવામાં આવી હતી. દરમ્યાન ગીર ગઢડા પંથકમાં વહેલી સવારથી જ વરસાદ મન મૂકીને વરસ્યો હતો. ભારે વરસાદના કારણે રાજકોટની આજી નદી ગાંડીતૂર બની હતી અને તેમાં ઘોડાપૂર આવ્યા હતા. આ જ પ્રકારે અમરેલી, ગોંડલ સહિતના પંથકોમાં પણ ચાર ઈંચથી વધુ વરસાદ વરસતાં ત્યાં પણ જળબંબાકાર અને પાણી જ પાણીની સ્થિતિ જોવા મળી હતી. અનેક ગામડાઓ, રસ્તાઓ અને ખેતરો પાણીમાં ગરકાવ બન્યા હતા. ગીર ગઢડા પાસે ફરેડા રોડ પરથી પસાર થતાં ઝરણાનું પાણી રોડ પર ફરી વળ્યું હતું. જ્યારે મેંદરડામાં સતત ૪થા દિવસે એક કલાકમાં અઢીથી ત્રણ ઈંચ વરસાદ પડ્યો હતો. જેને લઈને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. તો ગિરનાર પર ધોધમાર વરસાદ પડતાં સોનરખ નદીમાં પૂર આવ્યું હતું. આ સાથે જ ભારે વરસાદનાં પગલે દામોદર કુંડ પાસે એક ગાય પણ ફસાઈ હતી. જેને સ્થાનિકોની મદદથી બહાર કાઢવામાં આવી હતી. ગોંડલ પંથકમાં શીવરાજગઢ, બંધિયા, શ્રીનાથગઢ, દેરડી(કુંભાજી) અને વસાવડા સહિતના અનેક ગામોમાં બે થી ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જ્યારે નવાગામ અને લીલાખામાં ચાર ઈંચ વરસાદ નોંધાતા સ્થાનિક નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. ભારે વરસાદને લઈને વસાવડી નદીમાં ઘોડાપુર આવ્યું હતું. આ સાથે જ અરજણસુખ, સજાડયાળી, માંડલકુંડલા, વિજીવડ સહિતના ગામોમાં વરસાદ પડ્યો હતો. ડાયવર્ઝન ઉપર નદીના પાણી ફરી વળતાં ગોંડલથી દેરડી(કુંભાજી), મોટી કુંકાવાવ, બગસરા જતાં માર્ગનો વાહનવ્યવહાર ખોરવાયો હતો. આ જ પ્રકારે ઉના પંથકમાં પણ બેથી ચાર ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાતા ઉનાના સામતેર, સીલોજ સહિતના પંથકોમાં પાણી ફરી વળ્યા હતા. ગીર ગઢડાનાં હરમડિયામાંથી પસાર થતી સાંગાવાડી નદીમાં નવા નીર આવતાં નદી બે કાંઠે બની હતી. મેઘરાજાની કૃપાદ્રષ્ટિને લઇ ફરી ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. ખેતરમાં કાચુ સોનુ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.

વડોદરામાં પુરના પાણી ઉતર્યા પણ મુશ્કેલીઓ હજુ અકબંધ

અમદાવાદ, તા.૨

૨૧ ઈંચથી પણ વધુ વરસાદ ખાબકી ગયા બાદ વડોદરામાં સ્થિતિમાં હજુ પણ સુધારો થયો નથી. ૫૦ ટકાથી વધુ વિસ્તારો હજુ પણ પાણી હેઠળ છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જનજીવનને રાબેતા મુજબ કરવા માટેના તમામ પ્રયાસ ચાલી રહ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં જુદી જુદી બચાવ ટુંકડી ગોઠવાયેલી છે. ઠેર ઠેર તબાહી અને તારાજીના દ્રશ્યો સપાટી પર આવી રહ્યા છે. વિજ પુરવઠાને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. વડોદરામાં ધીમી ગતિનો વરસાદ આજે પણ જારી રહ્યો હતો. ધીમી ગતિના વરસાદ વચ્ચે પણ બચાવ અને રાહત કામગીરી જારી રહી હતી. વડોદરામાં પૂરની સ્થિતિ અંગે માહિતી મેળવવા મુખ્યમંત્રી વિજય રૂપાણી મોડી સાંજે પોતે પહોંચ્યા હતા અને અસરગ્રસ્તો સાથે વાતચીત કરી હતી. તમામ સહાયતા ઉપલબ્ધ કરાવવાની ખાતરી પણ આપી હતી. રૂપાણીએ અસરગ્રસ્ત સાથે વાતચીત કરી હતી. દરમિયાન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ટેલિફોનિક વાતચીત કરીને તેમને વડોદરા શહેરની પૂરની સ્થિતિ અંગે વાકેફ કર્યા હતા. તેમણે રાજ્ય સરકારે આ પરિસ્થિતિમાં પૂર્વવત થવા હાથ ધરેલા કાર્યોની વિગતો પણ આપી હતી. વડાપ્રધાનએ ગુજરાતમાં ખાસ કરીને વડોદરામાં વરસાદી ત્રાસદીમાંથી જનજીવન પૂનઃ પૂર્વવત કરવા માટે કેન્દ્ર સરકાર રાહત અને પૂનર્વસન કાર્યોમાં શકય તમામ સહાય કરશે તેવી ખાતરી આપી છે. વડોદરામાં ભારે વરસાદ બાદ વડોદરાવાસીઓ છેલ્લા ત્રણ દિવસથી જબરદસ્ત હાલાકી અને મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. જો કે, પૂરના પાણી આજે ત્રીજા દિવસે ધીરે ધીરે ઓસરી રહ્યા છે પરંતુ તેમ છતાં હજુ પણ કેટલાક વિસ્તારો પાણીમાં ગરકાવ છે, જયાં સ્થાનિક લોકો ખાસ કરીને મહિલાઓ, બાળકો, બિમાર અને અશકત વૃધ્ધજનો ખાવા-પીવા અને જીવનજરૂરી ચીજવસ્તુઓ માટે વલખાં મારી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી જળબંબાકાર અને પાણીના ડૂબમાં રહેવાના કારણે લોકો ભંયકર રીતે ત્રાહિમામ્ પોકારી ગયા છે.

બિરૂદ નહિ મળે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનિવાર્ય છે. જળસંચય વિના ગ્રીન ગાંધીનગરનુ બિરુદ નહીં મળે તે માટે દરેકે જાગૃત થવુ પડશે. નગરમાં ટ્રાફિકની વૃધ્ધિ પણ થઇ છે. આ માટે પણ આનુસંગિક વ્યવસ્થા યોગ્ય કરવી પડશે. આ તબક્કે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાએ જણાંવ્યુ હતુ કે ગાંધીનગરના અગ્રણી અરૂણ બુચે નગરના વિકાસ માટે જીવન સમર્પિત કર્યુ છે. ગાંધીનગર સુંદર ટાઉન પ્લાનીંગથી બન્યુ છે. જયારે અગાઉના મુખ્યમંત્રીઓએ જોયેલા સ્વપ્નો સાકાર થતા જાય છે. આપણે બધા નસીબદાર છીએ કે અહીં વસવાટ કરવા મળ્યો છે. નગરની વધતી વસતી અને વિકાસના અંતે ટ્રાફિકની સમસ્યા વધતી જાય છે. આ માટે પણ હવે નક્કર વ્યવસ્થા ગોઠવાય તેની અનિવાર્યતા છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાંવ્યુ હતુ કે ગાંધીનગરે વન પ્રવેશ કર્યો છે. ગાંધીનગરને ૫૫ માં સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવતા તેમણે જણાંવ્યુ હતુ કે શહેરના પ્રશ્નો ઉકેલવા માટે સક્ષમ અધિકારીઓ પણ મળ્યા છે. ત્યારે આપણું શહેર છે તેવી ભાવના કેળવી સમસ્યાના ઉકેલની દિશામાં દોટ લગાવવી અનિવાર્ય છે. નગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારે ૧૨ હજારની વસતી હતી હાલ ૨.૯૬ લાખની વસતી છે. ત્યારે નગરમાં પ્રથમ વસવાટ માટે આવેલા નાગરિકોની જવાબદારી પણ સવિશેષ બની છે. શહેરના જન્મદિવસ નિમિત્તે નગરની સુરમધુર કલાસંસ્થાના સંચાલક મયંક દવેએ ગાંધીનગર માટે ખાસ તૈયાર કરેલા ગીત કોઇનુ નહીં તો.ય થયુ સૌનુ વતન આ ગાંધીનગર..ગીતનુ લોકાર્પણ કરાયુ હતુ. ગાંધીનગરના ૫૫ માં સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે જી ઇ બી થર્મલ પાવર સ્ટેશનના ચીફ એન્જિનિયર જોષી,મહામંડળના બી એ શુકલ, કીશોર જીકાદારા, સુધીર દેસાઇ કશ્યપ મહેતા ઉપરાંત જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચ જી ઇ બી મહીલા મંડળના પ્રમુખ મંજુલાબેન જોષી પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશિત વ્યાસ,ભરત કવિ, સંજય થોરાત જી ઇ બી રીક્રીએશન કલબના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. જન્મદિવસની ઉજવણીની કેક કાપીને જી ઇ બી સંકુલમાં ૧૫૦૦ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી હતી.

એક્સપોનો પ્રારંભ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગારમેન્ટ ટેક્નોલોજી એક્સ્પો, જે નવીનતમ મશીનો અને પ્રક્રિયાઓ પ્રદર્શિત કરવા માટે જાણીતું છે. જીટીઇની પ્રારંભિક આવૃત્તિઓમાં ભાગ લેનારા લગભગ ૮૫% સતત અડગ રહે છે. નવી નવીનતાઓ, ઉત્પાદન લોંચ, ઉત્પાદન અપગ્રેડ્સ, લાઇવ નિદર્શન, નવી સામગ્રી, વગેરે એક્સ્પોનો પાયાનો ભાગ છે.

આ કાર્યક્રમ વિષે વાત કરતા ગારમેન્ટ ટેકનોલોજી એક્સ્પોના સીએમડી ઈન્દરજિત એસ. સાહનીએ જણાવ્યું હતું કે, ''ટ્રાઇડ, ટ્રસ્ટેડ એન્ડ ટેસ્ટેડ! આ ત્રણ શરતો જીટીઇ વિશે ઘણું વર્ણવે છે. આ શો વર્લ્ડ ક્લાસ ગારમેન્ટ અને વણાટ પ્રોડક્શન ટેક્નોલોજીના પ્રદર્શન માટે જાણીતો છે અને સમયની સાથે વધારે સારો બની રહ્યો છે. છેલ્લા ૧૮ વર્ષથી જીટીઇ ભારતીય વસ્ત્રોના ઉત્પાદનને નવીનતમ વિશ્વના વલણોથી પરિચિત થવાની તક આપવા માટે સમર્પિત છે અને હજી પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચલિત નવીનતમ તકનીકોને અપનાવીને તેમની ઉત્પાદન પ્રક્રિયાઓને અપગ્રેડ કરે છે. તે વૈશ્વિક કક્ષાના ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનોનું ઉત્પાદન કરવા અને ચીન, બેંગ્લોર, વિયેટનામ, પાકિસ્તાન, શ્રીલંકા, મ્યાનમાર વગેરે દેશોની સ્પર્ધાનો સામનો કરવા તકનીકી અપગ્રેડિંગની મુદતમાં ભારતીય વસ્ત્રોના ઉત્પાદનને સહાય પૂરી પાડે છે.''

નવતર અભિગમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર કરેલ કાર્યવાહી અને મોકલેલ પ્રત્યુત્તરની વિગતો મુકાશે.

આ ઉપરાંત છેલ્લી કેટેગરી જે એબાઉટ ખસની છે તેમાં શાળા, ગામ સહિતની જરૂરી વિગતો દર્શાવવામાં આવશે.

શાળાએ દરેક વાલીના મોબાઈલ નંબર મેળવ્યા છે અને દરેક વાલીના મોબાઈલમાં આ એપ ડાઉનલોડ પણ કરાઈ છે. ગુણવત્તા સુધારણા અભિયાનની સાથે સાથે વાલીની જાગૃતતા અને સક્રિયતાને ઢંઢોળવાનો પ્રયાસ કરાયો છે. આમ થવાથી બાળકનું શાળામાં સ્થાયીકરણ વધશે.

આ સુંદર એપ તૈયાર કરવા બદલ પ્રા.શિ. અધિકારીએ શિક્ષકોને બિરદાવ્યા હતા. તેમણે કહ્યુ કે અભિગમ અને ટેકનોલોજીનો સમન્વય જિલ્લાની અન્ય શાળાઓ માટે પ્રેરણારૂપ બનશે. સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યુ હતુ કે વાલીઓની સક્રિયતા વધતાં શૈક્ષણિક ક્રાંતિને નવો વેગ મળશે. તેમણે કમાન્ડ એન્ડ કંટ્રોલ યુનિટ બનાવી સરકારે જે નવતર અભિગમ અપનાવ્યો છે તેમાં આ અભિયાન વધુ પૂરક બનશે તેમ કહ્યુ હતુ. આ મોબાઈલ એપના લોંચિંગની સાથે સાથે શાળામાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યુ હતુ અને બાળકોએ આ વૃક્ષોને દત્તક લઈ ઉછેરવાની ખાત્રી આપી છે.

એંધાણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેના તમામ પ્રયાસ નિષ્ફળ કરી દેવામાં આવ્યાં. સેનાના અધિકારીએ કહ્યું કે, કશ્મીરમાં ઘાટીમાં સ્થિતિ સુધરી છે અને આતંકીઓની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. તેઓએ જણાવ્યું કે, અમરનાથ યાત્રીઓ પર સ્નિપર રાઈફલ એટેકની કોશિશ કરવામાં આવી પરંતુ સુરક્ષાદળોએ આવા તમામ પ્રયાસોને નિષ્ફળ કરી દીધાં. જો કે તેઓ હુમલાની યોજના બનાવી રહ્યાં છે કે જેમાં પાકિસ્તાની સેના પણ શામેલ છે. લેફ્ટિનેંટ જનરલ કેજેએસ ઢિલ્લને કહ્યું કે, 'મારી તમામ માતાઓ અને બહેનોને ભલામણ છે કે ધ્યાન આપો કે આપનું બાળક જો ૫૦૦ રૂપિયા લઈને જો પથ્થર ફેંકે છે તો તે આવતી કાલનો આતંકી છે. પકડવામાં આવેલ અથવા તો મારવામાં આવેલ આતંકીઓમાંથી ૮૩ ટકા આવા જ છે.' તેઓએ કહ્યું કે, અમરનાથના રસ્તામાં દૂરબીન સાથે સ્નિપર રાઈફલ પણ જપ્ત કરવામાં આવી.

સુનાવણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૫૫ દિવસ સુધી ચાલ્યા હતા. કોર્ટે હવે અનુવાદ સહિત તમામ જરૂરી દસ્તાવેજો તૈયાર કરી લેવા માટેનો રજિસ્ટ્રીને આદેશ કર્યો છે. દરરોજ થનાર સુનાવણી વેળા કોઈ અડચણો ન આવે તે માટે આ મુજબનો આદેશ કરવામાં આવ્યો છે. ચીજ જસ્ટીસ રંજન ગોગોઈએ કહ્યુ હતુ કે મધ્યસ્થતા પેનલ સમાધાન શોધી કાઢવામાં સફળ રહી નથી. હવે કોર્ટમાં દરરોજ સુનાવણી કરવામાં આવનાર છે.

બીલ પસાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોલકોતા પોલીસે તેને પકડી પાડ્યો હતો. આ શખ્સે પોતાનું નામ બનાવટી આપ્યું હતું. એ વખતે પોલીસની પાસે તેના ચહેરાની ઓળખ ન હતી. કોઈ પુરાવા ન હતા જેથી તેને છોડી દેવાની ફરજ પડી હતી. છેલ્લે તેની છોડી દેવામાં આવ્યો હતો અને તે ફરાર થઈ ગયો હતો. જો ૨૦૦૯માં તેને ત્રાસવાદી જાહેર કરવામાં આવ્યો હોત દેશના તમામ પોલીસ સ્ટેશનમાં તેનો ફોટો રહ્યો હોત અને ફિંગરપ્રિન્ટ રહ્યા હોત જેથી આ શખ્સ ફરાર થઈ શક્યો ન હોત. અમિત શાહે ચર્ચા દરમિયાન વિપક્ષની જોરદાર ઝાટકળી કાઢી હતી. અમિત શાહે દિગ્વિજય સિંહના નિવેદન સામે પણ આકરા જવાબ આપ્યા હતા. નવા બિલમાં સરકારે ગેર કાયદેસર ગતિવિધિઓમાં સામેલ વ્યક્તિ વિશેષને આતંકી જાહેર કરવાની જોગવાઈનો સમાવેશ કર્યો છે. ચર્ચા દરમિયાન દિગ્વિજય સિંહે કહ્યું હતું કે, મને ભાજપની પ્રવૃતિ પર શંકા છે. કોંગ્રેસે ક્યારેય આતંકવાદ સાથે સમજૂતી નથી કરી, તેથી આ કાયદો લઈને આવ્યા હતા.

પ્રાંતિજ નગરપાલિકા

જાહેર નિવિદા

આથી પ્રાંતિજ નગરપાલિકામાં આરોગ્ય વિભાગ, વૉટર વર્કસ વિભાગ, તથા ઓફિસ માટે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કામદારો રાખવા માટે પાર્ટ ટાઈમ માટે જરૂરિયાત હોઈ રસ ધરાવતી એજન્સીએ પોતાના ભાવપત્રક નીચેની શરતોને આધિન તા. ૧૦/૮/૨૦૧૯ સુધીમાં રજી. પોસ્ટ એડીથી મોકલવાના રહેશે. નગરપાલિકામાં મળેલ તમામ કે કોઈપણ ભાવપત્રક મંજુર કે નામંજુર કરવાના તમામ અધિકારો પ્રાંતિજ નગરપાલિકાનાં અબાધિત રહેશે.

શરતો :

(૧) તમામ કામદારો સવારે ૨ કલાક અને બપોરે ૨ કલાક માટે આપવાના રહેશે. એટલે કે પાર્ટ ટાઈમ કામદારોના ભાવ આપવાના રહેશે.

(૨) માસિક ૨૬ દિવસની કામગીરી ફરજીયાત કરવાની રહેશે.

(૩) કામદારો અંગે તમામ ટેક્ષ વિગેરેની જવાબદારી મંડળીની રહેશે.

(૪) દર માસે ચુકવણું કર્યાની પાવતીઓ નગરપાલિકાને આપવાની રહેશે.

(વિશાલ પટેલ)	(મહેબુબખા એ. બલોચ)	(ધવલ બી. રાવલ)	(કોકીલાબેન વી. પટેલ)	(નયન બી. દેસાઈ)	(ગીતાબેન એસ. પટેલ)
મુખ્ય અધિકારી પ્રાંતિજ નગરપાલિકા	ચેરમેન આરોગ્ય સમિતિ પ્રાંતિજ નગરપાલિકા	ચેરમેન વૉ.વર્કસ સમિતિ પ્રાંતિજ નગરપાલિકા	ચેરમેન કારોબારી સમિતિ પ્રાંતિજ નગરપાલિકા	ઉપપ્રમુખ પ્રાંતિજ નગરપાલિકા	પ્રમુખ પ્રાંતિજ નગરપાલિકા

જા.નં. ૫૦૭/૨૦૧૯-૨૦/તા. ૨/૮/૨૦૧૯

જાહેર નિવિદા

નાણા વિભાગ ખાતે ઝેરોક્ષ નકલો કરાવવાની કામગીરી માટે Rental Baseથી કોન્ટ્રાક્ટ આપવાનો છે. જે અંગેની શરતો નાણા વિભાગની વેબસાઈટ https://financedepartment.gujarat.gov.in ઉપર દર્શાવ્યા મુજબ છે, તેમજ નીચેના સરનામે રૂબરૂ પણ ઉપલબ્ધ થઈ શકશે.

આ અંગેના ભાવપત્રકો તા. ૨૭/૮/૨૦૧૯ સુધીમાં સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી.થી નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. આ કવર ઉપર 'ઝેરોક્ષ નકલો કરવાની કામગીરી બાબત' લખવું.

સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો તા. ૨૮/૮/૨૦૧૯ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે.

સહી/- (કે. કે. ખત્રી)
ઉપસચિવ, નાણા વિભાગ,
બ્લોકનં. ૪/૯મો માળ,
સચિવાલય, ગાંધીનગર

માહિતી/૮૧૩/૧૯-૨૦

મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર

સચિવાલય, ગાંધીનગર

(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો : મહેસાણા

કમાંક : અમ-૨૦૧૯-૪૮૬-મ-જમક-૧૫૧૯-૫૮-ઘ

તા. ૩૦ જુલાઈ-૨૦૧૯

આ સાથે અનુસુચિતમાં દર્શાવવામાં આવેલ મોજે કુકસ તા. મહેસાણાની જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, ઓ.એન.જી.સી. મહેસાણા પ્રોજેક્ટના શારકામ નંબર Additional Land for South Santhal CTF CUM GGS, flair point at South Santhal CTF & WWTP at South Santhal CTF માટે જરૂર પડવાનો સંભવ છે. એવું ગુજરાત સરકારને જણાય છે.

૧) તેથી (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨) હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સુચિત પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની દરખાસ્ત રજૂ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસુચિત મુજબનો કુલ વિસ્તાર હે.આરે.ચો.મી. ૦૧-૦૧-૯૭ તે મહેસાણા જિલ્લાની હદમાં આવેલ છે.

૩) હવે જ્યારે ઉક્ત પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦૧-૦૧-૯૭ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેરહિતમાં આવશ્યક જણાય છે.

૪) તેથી સદરહુ અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અધિકાર અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ-૧૨મો)ની કલમ-૩ થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં ઓ.એન.જી.સી. મહેસાણા પ્રોજેક્ટના સારકામ નંબર Additional Land for South Santhal CTF CUM GGS, flair point at South Santhal CTF & WWTP at South Santhal CTF માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસુચિતમાં સમાવિષ્ટ થયેલ હે.આરે.ચો.મી. ૦૧-૦૧-૯૭ જમીનને 'સદરહુ અધિનિયમ'ના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

અનુસુચિ

જિલ્લો : મહેસાણા તાલુકો : જોટાણ ગામ : કસલપુરા

સર્વે/બ્લોક નંબર	હે.આરે.ચો.મી.	જે જાહેર હેતુ માટે જરૂરી છે તે જાહેર હેતુ
૮૫૮	૦૦-૧૭-૫૦	ઓ.એન.જી.સી. મહેસાણા પ્રોજેક્ટના શારકામ નં. Additional Land for South Santhal CTF CUM GGS, flair point at South Santhal CTF & WWTP at South Santhal CTF ના કામે જમીન કાયમી સંપાદન કરવા કાયમી વળતર કેસ નં. ૪/૨૦૧૮
૧૧૭(૮૬૫)	૦૦-૩૧-૫૦	
૧૧૪(૮૫૭)	૦૦-૦૪-૫૦	
૩૧(૮૩૩)	૦૦-૪૮-૪૭	
કુલ	૦૧-૦૧-૯૭	

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એચ. જે. રાઠોડ)
સરકારના ઉપસચિવ

કમાંકઃનામાનિ/મહે/૧૭૫/૧૯-૨૦

જાહેરનામું

મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૮/૭/૨૦૧૯

(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો : મહેસાણા

ક્રમાંક - અમ-૨૦૧૯-૪૨૮-મ-જમક-૧૭૧૮-૨૮૫૨-ઘ

રાજ્ય સરકારને જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ જમીનોની 'ધરોઈ એક્સટેન્ડેડ કમાન્ડની મહુડી પ્રશાખાની સાંકળ ૪૯૫૦ થી ૬૩૬૦ મી. વચ્ચે' કરવા જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજુર વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોની નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૨ હેઠળ ધ્યાનમાં લેશે નહી.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત જાહેર હેતુ માટે જરૂર છે, તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામુ યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતુ કર્યુ હોય તો હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩(જ) હેઠળ જિલ્લા કલેક્ટરશ્રી જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમ હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગરને ખાસ જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

આ કાય